Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૩૨૨૯

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૧૪/03/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાનપ્રવાહ) શાળાઓ, તમામ
જિ - સુરત.

આ સાથે સામેલ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/૩/2023/5073/CHH સચિવાલય,ગાંધીનગરનો તા.૧૨/03/૨૦૨૪નાં પત્ર અન્વયે તમામ શાળાઓએ આપની કક્ષાએથી ચુસ્તપણે અમલ કરવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ માટે "નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના"

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2023/5073/CHH
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૦૩/૨૦૨૪

**પ્રસ્તાવના:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણને સુદ્રઢ કરવા અનેક નવી પહેલ હાથ ધરવામાં આવેલ છે. એકવીસમી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. જીવનનાં દરેક ક્ષેત્રે તેમજ રોજગારીની બાબતોમાં વિજ્ઞાનલક્ષી શિક્ષણની જરૂરીયાત વધી રહેલ છે. ગુજરાતમાં અનેક ભવિષ્યલક્ષી ઔદ્યોગિક ક્ષેત્રોમાં રોકાણ થઇ રહ્યુ છે. એડવાન્સ મેન્યુફેક્ચરીંગ, ડીજીટલ ટેક્નોલોજી, બાયો ટેક્નોલોજી, ગ્રીન એનર્જી, એરક્રાફ્ટ મેન્યુફેક્ચરીંગ, સેમી કન્ડક્ટર જેવી ન્યુ એજ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ઔદ્યોગિકરણ થઇ રહ્યું છે, જેથી રાજ્યમાં વિજ્ઞાનપ્રવાહનું શિક્ષણ મેળવેલ અને તકનીકી કૌશલ્યો ધરાવનાર યુવાધન માટે વિપુલ તકોનું નિર્માણ થનાર છે. આમ, વિજ્ઞાન પ્રવાહના અભ્યાસની અગત્યતાને ધ્યાને રાખીને વધુમાં વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવી ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે માટે આવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાના અંતે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં વિજ્ઞાનપ્રવાહ લેનાર વિદ્યાર્થીઓને સહાય આપવા માટેની યોજના નીચેની શરતોને આધીન અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Reason: Document Validation
Location: Ahmedabad, India
Date: 12-Mar-2024 (06:36 PM)

૧. યોજનાનું નામ:

આ યોજનાનું નામ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ માટે "નમો સરસ્વતી વિજ્ઞાનસાધના યોજના" રહેશે.

૨. લાભાર્થીની પાત્રતા:

જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)ની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા નીચે મુજબની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને આ સહાય મળવાપાત્ર રહેશે.

a) રાજ્યની સરકારી અથવા અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦માં અભ્યાસ કર્યો હોય તેવા તમામ વિદ્યાર્થીઓ, અથવા

b) માન્ય સ્વનિર્ભર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦ પૈકી બંને કે કોઈ એક ધોરણનો અભ્યાસ કર્યો હોય અને જેઓના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬ લાખ કે તેથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ.

૩. મળવાપાત્ર સહાય:

1. આ યોજના હેઠળ ધોરણ ૧૧ અને ૧૨ના મળી કુલ રૂ. ૨૫,૦૦૦/- સહાય ચૂકવવામાં આવશે.
2. ધોરણ ૧૧ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/- અને ધોરણ ૧૨ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૧૫,૦૦૦/- મળવાપાત્ર રહેશે.
3. ધોરણ ૧૧ અને ૧૨ના શૈક્ષણિક વર્ષો દરમ્યાન ૧૦ માસ માટે માસિક રૂ. ૧૦૦૦/- મુજબ વાર્ષિક રૂ. ૧૦,૦૦૦/- પ્રમાણે બંને વર્ષના મળી કુલ રૂ. ૨૦,૦૦૦/-ચૂકવવામાં આવશે. જ્યારે બાકીના રૂ. ૫,૦૦૦/- ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા પાસ કર્યેથી મળવાપાત્ર રહેશે.

૪. સહાયની રકમની ચૂકવણીની પ્રક્રિયા

1. આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે નિયામકશ્રી, શાળાઓ રહેશે.

eSign Signed by: HITESH KISHORBHAI GOHIL
Reason: Document Validation
Location: Ahmedabad, India
Date: 12-Mar-2024 (06:36 PM)

૨. નિયામકશ્રી, શાળાઓ દ્વારા આ સહાય યોજનાના સુચારુ સંચાલન માટે એક અલગ "નમો સરસ્વતી" પોર્ટલ બનાવવાનું રહેશે.

૩. આ યોજના હેઠળ સહાયની ચુકવણી નિયામકશ્રી, શાળાઓ દ્વારા ડાઇરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)થી વિદ્યાર્થીની માતાના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે. જે કિસ્સામાં વિદ્યાર્થીની માતા હયાત ન હોય, તે કિસ્સામાં રકમ સીધા વિદ્યાર્થીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

4. શાળાઓએ તેઓની શાળામાં દાખલ થયેલ ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓની નોંધણી વિદ્યા સમીક્ષા કેન્દ્ર અંતર્ગત CTS (ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ) પોર્ટલમાં કરવાની રહેશે.

5. નિયામકશ્રી, શાળાઓ દ્વારા CTS પોર્ટલ પર શાળાઓએ કરેલ વિદ્યાર્થીઓની નોંધણી અને પાત્રતા અંગેની ખરાઈ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી મારફત કરાવવાની રહેશે અને ત્યારબાદ પાત્રતા ધરાવનાર વિદ્યાર્થીઓની યાદી નમો સરસ્વતી પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.

6. પાત્રતા ધરાવનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક સત્ર શરૂ થયાથી ચકાસણી પૂરી કરી શક્ય હોય ત્યાં સુધી જૂન માસની સહાયની રકમ સંબંધિત બેન્ક ખાતામાં જૂન માસમાં જ જમા કરાવવાની રહેશે અન્યથા મોડામાં મોડા જુલાઇ માસમાં જૂન, જુલાઇની સહાયની રકમ એક જ સાથે સંબંધિત બેન્ક ખાતામાં જમા કરાવવાની રહેશે.

7. ત્યાર બાદ શૈક્ષણિક વર્ષ દરમિયાન બાકીના મહિનાઓની સહાયની રકમ જે તે મહિનાની ૧૦ તારીખ સુધી સંબંધિત વિદ્યાર્થીની માતા અથવા વિદ્યાર્થીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

8. આ યોજનાનો લાભ મેળવતા વિદ્યાર્થીઓની વિદ્યા સમીક્ષા કેન્દ્રના ઓનલાઈન એટેન્ડન્સ પોર્ટલ ઉપર નિયમિત રીતે હાજરી ભરવાની જવાબદારી જે તે શાળાની રહેશે.

9. શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા જ્યાં જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીઓની હાજરી અંગેની સ્થળ તપાસ અચાનક શાળાને કોઇપણ પ્રકારની જાણ કર્યા વિના કરવામાં આવશે. જે દરમ્યાન જે વિદ્યાર્થીઓની હાજરી અગાઉના મહિનાઓમાં સરેરાશ ૮૦% નહી જળવાતી હોય તેવા વિદ્યાર્થીઓની સહાય બંધ કરી દેવામાં આવશે.

10. કોઈપણ કારણસર જો કોઇ વિદ્યાર્થી અધવચ્ચેથી શાળા છોડી દે તો તેવા કિસ્સાઓમાં બાકીની સહાયની રકમ મળવાપાત્ર રહેશે નહીં તથા વિદ્યાર્થીને ચૂકવાયેલ સહાયની રકમ પરત લેવાની રહેશે નહીં.

eSign Signed by: HITESH KISHORBHAI GOHIL
Reason: Document Validation
Location: Ahmedabad, India
Date: 12-Mar-2024 (06:36 PM)

૧૧. રિપીટર વિદ્યાર્થીના કિસ્સામાં જે તે ધોરણની સહાય એક કરતાં વધુ વખત ચૂકવવામાં આવશે નહીં. જો વિદ્યાર્થી આગળનો અભ્યાસ ચાલુ રાખે તો આગળના ધોરણમાં નિયમાનુસાર સહાય મળવાપાત્ર રહેશે. વર્ષ ૨૦૨૪-૨૫ના રિપીટર વિદ્યાર્થીઓને પાત્રતાના આધારે જે તે ધોરણની સહાય મળવાપાત્ર રહેશે.

૧૨. બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કર્યેથી મળવાપાત્ર સહાય જ્યારે પણ બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કરે તે પછી મળવાપાત્ર રહેશે, જે કિસ્સાઓમાં વિદ્યાર્થી એકથી વધારે પ્રયત્ને બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કરે તેવા કિસ્સામાં બોર્ડ પરીક્ષા ઉત્તીર્ણ કરે ત્યારે સહાય મળવાપાત્ર રહેશે.

૧૩. વિદ્યાર્થીને સરકારની અન્ય કોઈ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર રહેશે.

૬. <u>અન્ય બાબતો :</u>

- આ ઠરાવના ઉચિત અમલીકરણ માટે શિક્ષણ વિભાગ અથવા નિયામકશ્રી, શાળાઓ નિર્ણય કરી શકશે અને જરૂરી આનુષંગિક સૂચનાઓ આપી શકશે.
- આ યોજનાનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર સરકારશ્રીની તા.૧૨/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Reason: Document Validation
Location: Ahmedabad, India
Date: 12-Mar-2024 (06:36 PM)

(હિતેશ ગોહિલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર